શિક્ષિત બનો | સંગઠિત બનો | સંઘર્ષ કરો

**દિલ્હી-ગાંધીનગરમાં, અમારી સરકાર**
**અમારા ગામમાં, અમે જ સરકાર**

ગુજરાત રાજ્યનું સૌ પ્રથમ સ્વશાસિત ગામ
ચંદાપુર
તા. ઉચ્છલ
જિ. સુરત

**આદિવાસી જાગે**
**સ્વશાસન લાવે**

# ગ્રામસભા દ્વારા મળેલા સામાજીક તેમજ સાંસ્કૃતિક અધિકારો

આદિવાસીઓની પરંપરામાં રહેલી સામૂહિક્તાની ભાવનાને ધ્યાનમાં રાખી બનેલા ભૂરિયા સમિતીના કાયદા દ્વારા મળેલા આપણા સામાજીક અને સાંસ્કૃતિક અધિકારોને કાયદાકીય માન્યતા મળી ગઈ છે. હવે આપણી મૂલ્યો આધારીત પરંપરા ગ્રામસભાના માધ્યમથી જાળવી શકાશે તેમજ વિકસાવી શકાશે. આપણા આદિવાસી સમાજની વર્ષો જૂની સ્વશાસનવાળી જીવન વ્યવસ્થાને બંધારણીય અધિકારોના રૂપે જોઈ અને સમજી શકાશે. કહેવાતા મુખ્ય પ્રવાહ તેમજ વૈશ્વીકરણની અસરોથી આપણો આદિવાસી સમાજ પણ બચી શક્યો નથી. પરતું તેમ છતાં ગામડાઓ તેમજ જંગલમાં વસતા આપણા લોકો આજે પણ આપણી સ્વશાસનવાળી જીવન પ્રણાલી મૂજબ જીવી રહયા છે. ભૂરીયા સમિતીનો કાયદો આખા દેશમાં ઘણા બધા રાજ્યોમાં લાગુ પડયો છે. આપણી બંધારણીય જોગવાઈ અનુસાર અનુસૂચિ–૫ લાગુ પડે છે. જેમાં આપણા ગુજરાત રાજયના ૧૦ જિલ્લાઓમાંના ૩૩ તાલુકાઓ તેમાં આવરી લેવાયા છે. ભૂરીયા સમિતીના કાયદાને **''ગુજરાત પંચાયત સુધારા અધિનીયમ-૧૯૯૮''** કે **''ગ્રામસભાનો કાયદો''** તથા **''સ્વશાસનનો કાયદો''** પણ કહેવામાં આવે છે.

આપણા આદિવાસીઓની સંસ્કૃતિ સામૂહિક્તાના મૂલ્યો આધારીત ઉપરાંત માનવીય દૃષ્ટિકોણથી હરીભરી છે. જન્મ, લગ્ન, છુટાછેડા, મુત્યુ, દેવપુજા, જંગલનો ઉછેર વગેરે સામાજીક વહેવારોમાં કહેવાતા મૂખ્ય પ્રવાહ કરતા આપણે આગવી રીત ધરાવીએ છીએ. પ્રકૃતિપૂજક એવો આપણો આદિવાસી સમાજ દેવપુજા વખતે પ્રકૃતિ પાસેથી મેળવેલી વસ્તુઓના બદલામાં પ્રકૃતિનો આભાર માને છે. તે સિવાઈ દેવપુજામાં ખાસ કાંઈ હોત નથી

***દિલ્હી-ગાંધીનગરમાં ભલે તમે,***
***ગ્રામસભામાં અમે જ અમે.***

આપણો આદિવાસી સમાજ મૂખ્યત્વે જંગલની જમીનો ઉપર પોતાનો જીવન નિર્વાહ કરે છે. આપણે ખેતી કરીએ છીએ તે પેટનો ખાડો પુરવા જ કરીએ છીએ. આપણા બાપદાદા કે વડવાઓ પણ ખેતીને અનાજ ઉગાડવા પુરતી મર્યાદીત રાખતા હતા. નફો કરવા કે વેપાર કરવા આપણા વડવાઓએ કોઈ દિવસ ખેતી કરી નથી.

**• વિકલ્પ •**

સંપર્ક સ્થળ : ટી-૧, સુયોગ-૧, વેજલપુર બસ સ્ટેન્ડ પાસે, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧, e-mail: vikalpahd@gmail.com

શિક્ષિત બનો　　　　સંગઠિત બનો　　　　સંઘર્ષ કરો

## દિલ્હી-ગાંધીનગરમાં ધમાલ-ધમાલ કરે સૌને પાયમાલ

## ગ્રામસભામાં કમાલ-કમાલ કરે ગામને માલા-માલ

લગ્ન નામની સામાજીક સંસ્થા વિશે પણ આપણો આદિવાસી સમાજ આગવી સમજ ધરાવે છે. આ જ પ્રમાણે છૂટાછેડાના સામાજીક વહેવારોમાં પણ આગવી સમજ ધરાવે છે. લગ્ન અને છૂટાછેડા જેવા પ્રસંગોમાં સહજ રીતે ભેગા થવું તેમજ સહજ રીતે છૂટા પડવું તે આપણી પરંપરા છે. કોઈ પણ યુવતી કે યુવક પોતાની પંસદગી પ્રમાણે લગ્ન કરી શકે છે. લગ્ન કર્યા પછી ફારગતિ કે છૂટાછેડામાં પણ સહજ રીતે એકબીજાથી છૂટા પડી શકે છે. એ જ પ્રમાણે છૂટાછેડા લીધેલા પતિ કે પત્ની સહજ રીતે ફરી લગ્ન કરી શકે છે.

મૃત્યુ જેવા દુખના પ્રસંગો કે લગ્ન તથા તહેવારો જેવા આંનદના પ્રસંગો પાર પાડવા માટે આખુ ગામ ભેગુ થાય છે અને પ્રસંગ પાર પાડે છે. દેવપુજા કે થડુપુજનમાં ડુંગરદેવ, વાઘદેવ, નાગદેવ, કંસરીમાતાની ઉજવણી વખતે સામૂહીકતાની ભાવનાને ધ્યાનમાં રાખી વ્યકતિગત નહી પણ આખા ગામમાં, આખા ગામની ઉજવણી થાય છે.

આપણા આદિવાસી સમાજમાં ઉપરોક્ત સામાજીક અને સાંસ્કૃતિક વહેવારોને ગ્રામસભાના કાયદાએ અધિકારોનો દૃષ્ટિકોણ આપ્યો છે.

દારૂ હોય કે તાડી,
નહીં ચાલે કોઈની હોંશિયારી.
સંસ્કૃતિ છે એ અમારી,
ગ્રામસભા છે હક્ક આપનારી.

પોલીસ, વકીલ પૈસા માંગે,
તોય ના સાચો ન્યાય મળે.
ગ્રામસભામાં તો ન્યાયપંચ વડે,
બધાને સરખો ન્યાય મળે.

## ગ્રામસભા દ્વારા કયા-કયા સામાજીક અને સાંસ્કૃતિક અધિકારો મેળવી શકીશું ?

- ❒ આપણા ગામમાં આપણી રીતે લગ્ન તેમજ છૂટાછેડાના નીતી નિયમો બનાવી શકીશું.
- ❒ બે ભાઈઓ કે બે બહેનો વચ્ચે મિલ્કતમાં ભાગ વહેંચવાની કાર્યવાહી ગામમાં જ કરી શકીશું.
- ❒ આપણા તહેવારો અને દેવપુજામાં થઈ રહેલા પરિવર્તનને ગ્રામસભામાં ચર્ચા કરી તારણ કાઢી શકીશું.
- ❒ દેવપુજા કે થડુપુજન વખતે નશાકારક ચીજવસ્તુઓનો વપરાશ બંધ કરવો, ચાલુ રાખવો કે તેમાં શુ બદલાવ લાવવો તે ગામમાં બેસીને નક્કી કરી શકીશું.
- ❒ તહેવારોની ઉજવણીના નિતીનિયમો બનાવી કે બદલી શકીશું.

**ગ્રામસભામાં ચર્ચા થશે વિકાસની, સર્વસંમતિથી થશે સૌ કામો નક્કી**
**સમજી લેજો સૌ ગ્રામજનો અહીં, પછી જ થશે અંગુઠો કે સહી**

મારા વ્હાલા, જરા સમજો ગ્રામસભામાં ગામના વિકાસને લગતા બધા જ નિર્ણયો કરવાની સત્તા માત્ર આપણી છે માટે તે સત્તાનો ઉપયોગ કરીએ અને ગામની સાથે સાથે આપણો વિકાસ કરીએ.

• વિકલ્પ •

સંપર્ક સ્થળ : ટી-૧, સુયોગ-૧, વેજલપુર બસ સ્ટેન્ડ પાસે, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧, e-mail: vikalpahd@gmail.com